RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 144 *Date: 16.03.2025,Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# હોળી પર હિંસા બાદ બંગાળના બીરભૂમમાં ભારેલો અગ્નિ, ઈન્ટરનેટ બંધઃ મમતા સરકાર પર ભડકી BJP



હોળી-ધૂળેટીના પર્વની સમગ્ર દેશમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જોકે ધૂળેટીમાં હર્ષ અને ઉલ્લાસના રંગમાં અમુક જગ્યાઓ પર હિંસા પણ થઈ હતી. પશ્ચિમ બંગાળના બીરભૂમમાં બે જૂથ વચ્ચે ભારે હિંસા બાદ કેટલાક વિસ્તારોમાં ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. રાજ્ય સરકારે પોલીસને હાઈ અલર્ટ પર રહેવા આદેશ આપ્યા છે તથા સુરક્ષાદળોની એક વિશેષ ટુકડી પણ તહેનાત કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર બીરભૂમમાં બે જૂથ વચ્ચે વિવાદ બાદ મારામારી થઈ હતી. બીરભૂમના કેટલાક વિસ્તારોમાં ૧૭મી માર્ચ સુધી ઈન્ટરનેટ સેવા બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. પોલીસનો તર્ક છે કે ગેરકાયદે ગતિવિધિઓ રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ બાદ ભારતીય જનતા પાર્ટીએ રાજયની મમતા બેનરજી સરકાર પર ગંભીર આક્ષેપ લગાવ્યા છે. વિધાનસભામાં વિપક્ષ નેતા શુભેન્દુ અધિકારીએ કહ્યું છે, કે 'સરકાર પોતાની શાખ બચાવવા માટે સાંપ્રદાયિક હિંસાની ઘટના છુપાવવા પ્રયાસ કરી રહી છે. હું રાજ્યપાલને આગ્રહ કરીશ કે તેઓ આ ઘટના મુદ્દે સરકાર પાસેથી રિપોર્ટ માંગે.

## 'તમે મને સુપરસ્ટાર માનો છો, પણ સરકાર નથી માનતી...', 'નારાજ' વિક્રમ ઠાકોર આવ્યા મેદાને

ગુજરાત વિધાનસભા ગૃહની કાર્યવાહીને નિહાળવા માટે ગુજરાતભરના ખ્યાતનામ કલાકારોને બોલાવવામાં આવ્યા હતા. જેમાં ઠાકોર સમાજના કોઈ કલાકારોને ન બોલાવવાના મામલે ગુજરાતી ફિલ્મ કલાકાર વિક્રમ ઠાકોર મેદાને છે. આ મામલે તેમણે અગાઉ વીડિયો થકી પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. હવે તેમણે ફરી એકવાર પ્રેસ કોન્ફરન્સ કરીને મુદ્દાસર રજૂઆતો કરી હતી. વિક્રમ ઠાકોરે જણાવ્યું હતું કે, 'ઘણાં સમયથી હું જોતો આવ્યો છું કે સરકાર દ્વારા અમારા ઠાકોર સમાજની સતત અવગણના થાય છે. આ બાબત સરકારની જાણ બહાર પણ હોઈ શકે, કલાકારોને મીડિયેટર વિધાનસભામાં લઈ ગયા હતા, પરંતુ હું ઘણાં સમયથી જોઈ રહ્યો છું કે ઘણાં બધા સરકારી કાર્યક્રમો હોય તેમાં ઠાકોર સમાજનો કોઈ દીકરો કે દીકરી હોતા નથી.'ફિલ્મ સ્ટાર વિક્રમ ઠાકોરે જણાવ્યું હતું કે, 'વિધાનસભામાં કલાકારોને બોલાવ્યા તેનો વિરોધ નથી, પરંતુ ઠાકોર સમાજને સ્થાન નથી મળતું એનો વિરોધ છે. દરેક કલાકારનું સ્વાગત કર્યું સારી બાબત છે, મારા સમાજના કલાકારોની વાત આવી એટલે મેં ધ્યાન દોર્યું છે. કલાકારને નાત-જાત નથી હોતી, સરકારે દરેક જાતિના કલાકારનું સન્માન કરવું જોઈએ. શંકરભાઈ ચૌધરીએ તમામ કલાકારને બોલાવ્યા હતા. સરકારી ઈવેન્ટોમાં પણ ઠાકોર સમાજને સરકારી કામ નથી મળતું. સરકારે ઠાકોર કલાકારને પ્રોત્સાહન આપવું જોઈએ. ઠાકોર સમાજ સહિત દરેક સમાજના ચાહક વર્ગ છે.'વિક્રમ ઠાકોરે જણાવ્યું હતું કે, 'અલ્પેશ ઠાકોરે મારી સાથે વાત કરી હતી, સમાજ નક્કી કરશે તે સ્ટેન્ડ રહેશે. દરેક સમાજના કલાકાર મારી સાથે છે, ગેનીબેને મને સમર્થન કર્યું છે. ઠાકોર સમાજના ગાયકોને જોઈએ તેવું સ્થાન નથી મળતું, સરકારી કાર્યક્રમોને સ્થાન મળવું જોઈએ.



## તંત્રી લેખ.......

# રિયાધ એરમાં ૫૦૦નો સ્ટાફ, ૧૪ લાખ ભારતીયોએ નોકરી માટે અરજી કરી

નવી એરલાઇન રિયાધ એરના ચીફ એક્ઝિક્યુટિવ ટોની ડગ્લાસે એક નિવેદનમાં જણાવ્યું છે કે એરલાઇનને છેલ્લા બે વર્ષમાં ૧૪ લાખ નોકરીઓની અરજીઓ ભારતીયો તરફથી મળી છે. રિયાધ એરમાં નોકરી માટે અરજી કરનારાઓમાં ભારતીયો મોખરે છે.ડગ્લાસે એરલાઇનમાં નોકરીઓ માટે અરજદારોની સંખ્યા પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતુ. રિયાદ એરમાં હાલમાં માત્ર ૫૦૦નો સ્ટાફ જ છે, જેમાં ૩૬ કેબિન ક્રૂ સભ્યો અને ૩૬ પાઇલટોનો સમાવેશ થાય છે. સીઈઓએ કહ્યું કે 'રિયાધમાં હવાઈ સેવાઓની ભારે અછત છે. દ્વિપક્ષીય હવાઈ સેવા કરારોના કિસ્સામાં કોઈ અવરોધો નથી. ૨૦૨૩માં ભારતથી સાઉદી અરેબિયા જતા પ્રવાસીઓની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો થયો છે. ડાયરેક્ટ ફ્લાઈટ માટે અમે ટૂંક સમયમાં અમારી ફ્લાઇટ્સ સેવા શરૂ કરીશું.'

રિયાધ સ્થિત આ એરલાઇન ૨૦૨૫ના અંતમાં કામગીરી શરૂ કરે તેવી અપેક્ષા છે. તેણે બોઇંગ પાસેથી ૭૨ બી૭૮૭ વાઇડબોડી એરક્રાફ્ટ અને એરબસ પાસેથી ૬૦ એ૩૨૦ નીઓ નેરોબોડી એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો છે.

# ટ્રમ્પને ટેરિફ નીતિ ભારે પડી! યુરોપ-કેનેડા ગાંઠતા નથી, ભારત-ચીન-રશિયા પણ એક થયા



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રગટાવેલી ટેરિફ વોરના કારણે આગામી અઠવાડિયાથી વિશ્વને ટેરિફ, રેસિપ્રોકલ ટેરિફ અને તેના પગલે ઊભા થઇ રહેલા વિવાદોની જ્વાળાની ગરમીની તીવ્રતાનો અનુભવ થવા લાગશે. આર્થિક ક્ષેત્રે સંકળાયેલા લોકોની નજર સોમવારના બજાર પર સ્થિર થઈ ગઈ છે. અમેરિકાનાં બજારો તૂટ્યાં છે. ડાઉ જોન્સ નબળો ચાલી રહ્યો છે. સતત ત્રણ દિવસથી તેમાં પીછેહઠ જોવા મળી રહી છે, જે અમેરિકામાં મંદીનો સંકેત આપી રહ્યા છે. ભારતનું શેરબજાર હજુ સંભવિત તેજીની ભ્રમણામાંથી બહાર આવતું નથી. તૂટેલા બજારમાં સસ્તા ભાવની સ્ક્રિપ ખરીદીને લોકો પોતાને ગણતરીબાજ રોકાણકાર સમજી રહ્યા છે. રિવર્સ ટેરિફ સામે ભારતે હજુ સુધી કોઇ વ્યૂહરચના તૈયાર કરી હોય એમ લાગતું નથી.

ભારત સરકારના પ્રતિનિધિ આવતા સપ્તાહે ફરી અમેરિકા જશે અને ટેરિફના મુદ્દે ચર્ચા કરશે. 'અમેરિકા ફર્સ્ટ'ની વાત ભારપૂર્વક કર્યા કરતા પ્રમુખ ટ્રમ્પ બહુ બાંધછોડ કરે તેવું દેખાતું નથી, છતાં બીજી એપ્રિલ સુધી ભારત પ્રયાસો કર્યા કરશે. ભારતે તેના લોકલ માર્કેટમાં ઊભા થયેલા મોંઘવારીના ટેન્શનને હળવું કરવાની જરૂર છે. તેની સીધી અસર રોજીંદી ચીજોના ભાવવધારા પર થઇ રહી છે. છૂટક બજારમાં મળતી ચીજોના ભાવોમાં થયેલો વધારો, વિદેશી રોકાણકારોની પીછેહઠ, તૂટતો રૂપિયો અને ટ્રમ્પનું ટેરિફ શસ્ત્ર વગેરે મુદ્દો ભારતના આર્થિક નિષ્ણાતો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. ભારત સરકાર પણ મૂંઝવણમાં છે, કેમ કે રોજીંદી ચીજોના ભાવો તમામ નાગરિકોના ખિસ્સાં પર કાતર ફેરવી રહ્યા છે.ગયા અઠવાડિયે સેન્સેક્સ અને નિફ્ટીમાં થોડો સુધારો જોવો મળ્યો હતો, પરંતુ ઉછાળો મારતા શેરબજાર પર અચાનક જ બ્રેક વાગી ગઈ છે. જ્યારથી ટ્રમ્પે ભારતને ઓઇલ ખરીદવાની ફરજ પાડી છે ત્યારથી ભારતનાં બજારોને સમજાઈ ગયું છે કે ટ્રમ્પ બહુ કડક પગલાં લેવાના મૂડમાં છે. યુરોપ અને કેનેડા જેવા કેટલાક દેશો ટેરિફના મામલે ટ્રમ્પને ગાંઠતા નથી. તેથી ટ્રમ્પ વધુ ભૂરાંટા થયા છે. બીજી તરફ, ચીન-રશિયા-ભારતની નવી ધરી તૈયાર થઇ રહી હોવાની વાતોથી પણ ટ્રમ્પ અકળાયેલા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકાને ટેરિફ મારફતે લૂંટતા દેશોને અમે નહીં છોડીએ. તેઓ ભારતનું નામ સીધું લેતા નથી, પરંતુ તેમના ઈશારો ભારત તરફ પણ છે તેમાં બેમત નથી. વિદેશી રોકાણો પર નજર કરીએ તો આ રોકાણકારોએ ૧૫,૫૦૧ કરોડ પાછા ખેંચ્યા છે, તો સ્થાનિક રોકાણકારોએ ૨૦,૯૫૦ કરોડનું રોકાણ કર્યું છે. સ્થાનિક રોકાણકારોના કારણે બજાર થોડી સ્થિરતા પ્રાપ્ત કરી શક્યું છે. કોર્પોરેટ કંપનીઓના આવકના આંકડા બહાર આવશે ત્યારે થોડી વધારે સ્થિરતા જોવા મળશે એવી અપેક્ષા રાખી શકાય. સરકારે તૂટતા રૂપિયાના સ્થિર કરવા અનેક પ્રયાસો કર્યા છે. જોકે રૂપિયો હવે બહુ કિમતી રહ્યો નથી તેમજ લાંબો સમય સ્થિર રહી શકે એમ નથી. ડોનાલ્ડ ટ્રમ્પે પેદા કરેલી ટેરિફ વોર હજુ અનિશ્ચિત છે. દરમિયાન બે ઘટનાઓ તરફ સૌનું ધ્યાન ખેંચાયું છે. એક, ટ્રમ્પના ખાસ મનાતા ઈલોન મસ્કે મુબઈમાં શોરૂમ ટેસ્લાના શોરૂમ માટે જગ્યા ખરીદીને ભારતમાં પધરામણી કરવાની જાહેરાત કરી દીધી છે. બીજી ઘટનામાં, ઈલોન મસ્કની સ્ટારલિંક કંપની ભારતની એરટેલ અને જીયો સાથે મળીને સેટેલાઇટ ઇન્ટરનેટ સેવાઓ પુરી પાડશે એવા સમાચાર. સ્ટારલિંકના કારણે ભારતનાં અંતરિયાળ ગામોને ઇન્ટરનેટથી જોડી શકાશે. ભારત ખેર, હાલ સાચવી સાચવીને કદમ માંડી રહ્યું છે.




તા.૧૩-૩-૨૦૨૫ ગુરુવાર સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦ દરમ્યાન હોળી ધૂળેટીનો ભારતીય સંસ્કૃતિનો મહાન તહેવાર મનોદિવ્યાંગ બાળકો તિલક હોળી અને ફુલપાદંડીઓ દ્વારા રંગોત્સવની હોળી-ધુળેટીની હર્ષોલ્લા વચ્ચે રમી ભવ્ય ઉજવણી કરી તેમજ સાથોસાથ સતત કાર્યરત મનોદિવ્યાંગ બાળકોની સંસ્થા સ્મિત ચાઇલ્ડ ડેવલપમેન્ટ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના સંચાલક ચંદ્રસિંહ ચૌહાણનો જન્મ દિવસ સંસ્થામાં આકાશદીપ એપાર્ટમેન્ટ,નવાવાડજ બસ ટર્મિનલની બાજુમાં,અખબાર નગર સર્કલ નજીક,નવાવાડજ વિસ્તાર ખાતે વૈદિક ગાયત્રી મંત્રોચ્ચાર સાથે પૂજન અર્ચન દ્વારા દિપયજ્ઞના માધ્યમથી ગાયત્રી પરિવાર નારણપુરાના પરિજનોના સહયોગ સહકાર આશીર્વાદથી સૌ પરિચિતોની ઉપસ્થિતમાં સમૂહમાં ઉજવવામાં આવ્યો

### હોળીમાં ઓર્ગેનિક ગૌમય રંગોનો ઉપયોગ કરવા

# સુરક્ષિત અને પર્યાવરણ અનુકૂળ ઉત્સવ ઉજવવા ડૉ. વલ્લભભાઈ કથીરિયા ની અપીલ

રંગોના પર્વ હોળીના શુભ અવસરે ઋઝૈં ના સંસ્થાપક અને ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી, ડૉ. વલ્લભભાઈ કથીરિયા એ જનતા ને અપીલ કરી છે કે આ આનંદમય ઉત્સવને પર્યાવરણમૈત્રી અને આરોગ્યપ્રદ રીતે ઉજવવો જોઈએ. હોળીમાં ઉપયોગ થતાં રાસાયણિક અને સિન્થેટિક રંગો ગંભીર આરોગ્ય સમસ્યાઓ સર્જી શકે છે. આ રંગોમાં સીસું, પારો અને અન્ય હાનિકારક રસાયણો હોય છે, જે ચામડીની એલર્જી, આંખોના સંક્રમણ અને શ્વાસ સંબંધિત સમસ્યાઓ ઉભી કરી શકે છે. સુરક્ષિત અને સંસ્કૃતિક હોળી મનાવવા માટે, ઋઝૈં તરફથી સૌને અપીલ કરવામાં આવે છે કે કુદરતી અને ઓર્ગેનિક રંગોનો ઉપયોગ કરો, જે ગૌમય, ફૂલ, હળદર, ચંદન અને હર્બલ જેવા તત્વો થી બનાવવામાં આવેલ હોય. આ રંગો જૈવિક રીતે વિઘટિત થનારા, અને બાળકો તથા વડીલો સહિત તમામ માટે સુરક્ષિત હોય છે. સાથે સાથે, ઓર્ગેનિક રંગોના ઉપયોગથી તેવા હસ્તકલાકારો અને નાના ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળે છે.



તા.૧૩-૩-૨૦૨૫ સાંજે ૭-૦૦ વાગે હોળી પ્રાગટ્ય શાસ્ત્રોકત પૂજન અર્ચન સાથે મિત્ર મિલન સોસાયટી,મીરામ્બિકારોડ,નારણપુરા વિસ્તાર ખાતે સમૂહમાં સોસાયટીના રહીશોએ કર્યું હતું મોટી સંખ્યામાં શ્રધ્ધાળુંઓ દર્શન પ્રદિક્ષણા કરવા સોસાયટીના રહીશો તેમજ આસપાસની સોસાયટીઓ ફ્લેટોના રહીશો પધાર્યા હતા.

# ટયુટર ટમેટા, પ્રોફેસર પરવળ, રીડર રીંગણા, કુલપતિ કારેલા ખરીદવા છે?

' સાહેબ, આ ટયુટર ચમેટા લઇ લો. એક કિલોના માત્ર બે હજાર રૂપિયા છે!' બકાલીએ ગ્રાહકને કહ્યું.

' વોટ ? ટયુટર ટમેટા?' આખલો લાલ લૂગડું જોઇ ભડકે તેમ ગ્રાહક ટયુટર ટમેટાનું નામ સાંભળી ભડકયો!

' યેસ સર. તમે બિલકુલ બહેરા નથી. તમે બરાબર સાંભળો છો.આ મારી શોપની સ્પેશિયલ આઇટમ છે!' બકાલીએ જવાબ આપ્યો.

' યાર, ચમેટા કાચા કે પાકા હોય. દેશી કે વિદેશી હોય. ટયુટર ટમેટાનું નામ પહેલી વખત સાંભળ્યું.ટયુટર ચમેટા ભણે છે કે ભણાવે છે?' ગ્રાહકો બકાલીને પૂછી નાંખ્યું!

'અરે, બોસ. મારી શોપમાં પ્રોફેસર પરવળ પણ મળશે!' બકાલીએ બોમ્બ ફોડ્યો.

' વોટ? વોટ? ટયુટર ટમેટા પછી પ્રોફેસર પરવળ? ભાઇ તું ઓગ્રેનિક એટલે પ્રાકૃતિક ફાર્મમાંથી શાકભાજી ખરીદ કરે છે?' ગ્રાહકે સંશય વ્યક્ત કર્યો.

' સાહેબ, મારે ત્યાં રીડર રીગણા પણ મળે છે!' બકાલીએ કહ્યું.

' યાર, સવાર સવારમાં પહેલી ધારનો ચડાવ્યો છે કે શું?' રીગણા લીલા, કાળા કે રીંગણી રંગના હોય. રીંગણા કાંટાવાળા કે કાંટા વગરના હોય,એ તો સમજ્યા. રીંગણાને અને રીડરને શું લેવાદેવા?' ગ્રાહકે બકાલીને પૂછ્યુ.બકાલી જયાં લારી લઇને ઉભો હતો તે જગ્યા કોલેજ, યુનિવર્સિટી કે વિધાપીઠ પણ ન હતી. ગ્રાહક માથું ખંજવાળતો રહી ગયો!

' સાહેબ, હું ક્લાર્ક કોથમીર પણ વેચું છું!' બકાલીએ કહ્યું .

' અલ્યા, તારું ચસ્કી ગયું છે? ભવન ચકરાઇ ગયું છે?' ગ્રાહકને બકાલીની દિમાગી સંતુલન પર શંકા થવા લાગી.

' સર હું કુલપતિ કારેલાનુ કિફાયતી દરે વેચાણ કરૂં છું.,એક કિલો કારેલા પર એક કિલો ફ્રી આપું છું.' બકાલીએ ઓર માહિતી આપી.

' તારી દુકાનનું નામ એબ્લર્ડ વેજીટેબલ સ્ટોર રાખી લે!' ગ્રાહકે સજેશન કર્યુ.

' મારી શોપની લેકચરર લોકીમાંથી હલવો બનાવશો તો તમે હલવા ઉપરાંત આંગળા પણ ચાટી જશો..આંગળા ચાટવાથી પેટ ન ભરાય એ કહેવત પણ ખોટી સાબિત થશે!' બકાલીએ એક ઓર નજરાણું રજૂ કર્યુ.

' સાહેબ, તમને ખબર હશે કે ટયુલિપ નામનું પુષ્પ હોય છે. તેને હમણા હોલેન્ડમાં ટયુલિપ ભારતીય એમ્બેસેડર શેફાલી રાજદૂતનું નામ આપવામાં આવેલ છે.' બકાલીએ ઈન્ટરનેશનલ ઈન્ફોર્મેશન આપી.

' એમ તો આપણે ત્યાં ડ્રેગન નામના ફ્રૂટને કમલમ્ નામ આપવામાં આવેલ છે.' ગ્રાહક પણ બકાલીનું માથું ભાંગે તેવો હતો.

' બીજું બધું તો બરાબર . મારી શાકભાજીના નામ તમને યુનિક લાગ્યા કે નહીં?' બકાલીએ કહ્યું.

અરે, ઝકકાશ છે. ધાંસુ આઇડીયા છે. ચેતન ભગતની જેમ ફીકાશનો લખ. તારા મગજમાં યુનિકોર્ન સ્ટાર્ટઅપ જેવા આઇડિયા ઠાંસી ઠાંસીને ભર્યા છે. તેને એન્કેશ કર! તને આવું બધું કેવી રીતે સૂઝે છે?' ગ્રાહકે પૂછયું.

' સાહેબ, પેટ કરાવે વેઠ.' બકાલી નિરાશાથી બોલ્યો.

' અરે, કાંઇ સમજાયું નહીં. તું પહેલિયા મત બુઝા! ' ગ્રાહક બોલ્યો.

' સર, આ દેશમાં પકોડા તળવા એ પણ રોજગારી છે. દેશની તમામ વ્યક્તિ પકોડા તળશે તો પકોડા વ્લાદિમીર પુટિન , બાયડન, નેતન્યાહૂ કે ઝેલેન્સ્કી ખાશે?' કંપનીઓ પ્રદૂષિત પાણી ખારીકટ કેનાલમાં ઠાલવે તેમ બકાલીએ આક્રોશ મારી સામે ઠાલવ્યો.

' અખા ભગતની જેમ ચાબખા મારે છે. કેમ આવું બોલે છે?' ગ્રાહકે અણિયાળો સવાલ કર્યો.

' સાહેબ, આ દેશમાં શિક્ષણની ઘોર ખોદાઈ છે. વાલીઓના ગજવા કાપવા ખાનગી કોલેજ, સ્કૂલો, યુનિવર્સિટી પાનના ગલ્લાની જેમ ધમધમે છે. ત્રણ કે ચાર વરસે ગ્રેજયુએટ, બે વરસે પોસ્ટ ગ્રેજયુએટ અને પીએચડી કરેલ બેકારોની ફોજ ઉભી થાય છે. પ્યુનની જગ્યા માટે પીએચડી હોલ્ડર અરજી કરે છે. કારકુનની પોસ્ટ પર પીએચડી હોલ્ડર કામ કરવા મજબૂર થાય છે! ' બકાલીએ શિક્ષણની અવદશા કહી. જે હવે લકસ સાબુની જેમ રાજ રહા નહીં હૈ. આ પણ અંદર કી બાત હૈ!

' આ બધી વાત અને તારે શું લાગેવળગે? ' ગ્રાહક ગુસ્સે થઇ ગયો!

' સર, હું પણ સિસ્ટમનો વિકટિમ છું. તમે મારી શોપનું નામ વાંચવાની તસ્દી લીધી!' બકાલીએ ગ્રાહકને પૂછયું.

' પીએચડી સબ્જીવાલા' ગ્રાહકે મોટેથી નામ વાંચ્યુ.તમે વર્દીવાલા ગુંડા એવું બધું જોયું હશે. પરંતું, પીએચડી સબ્જીવાલા? પહેલીવાર આવું વાંચ્યું હશે.

' મારું નામ સંદીપ છે. મારુ નામ માત્ર સંદીપ નથી, પરંતું, ડોકટર સંદીપસિંહ છે. દવાખાનાનો ડોકટર નથી . પીએચડી ડોકટર છું. મેં ચાર ફેકલ્ટીમાં પોસ્ટ ગ્રેજયુએશન પણ કરેલ છે. મેં અગિયાર વરસ એડહોક લેકચરર તરીકે પંજાબ યુનિવર્સિટીમાં નોકરી કરી છે. આ નોકરીમાં કોથમીર-મીઠા લીબડા જેટલો પાંત્રીસ હજારનો પગાર મળતો હતો. નેશનલીાઇઝ્ડ બેંકના ચપરાસીને મારા કરતા વધારે પગાર મળે છે. પાણી જેવા પાતળા પગારમાં પરિવારનું પૂરું થતું ન હોઇ નોકરી છોડી શાકભાજી વેચું છું!' સંદીપે તેની વ્યથા વ્યક્ત કરી!

આપણે સંદીપ સિંહનું શાકપાંદડું લેવા ચંદીગઢ ન જઇ શકીએ. પરંતું, સંદીપસિંહનો વેજીટેબલ બિઝનેસ બિગબાસ્કેટ કંપની જેટલો વધે તેવી શુભેચ્છા જરૂર આપીએ. ભવિષ્યમાં કોઇ પીએચડી કે હાયર એજયુકેટેડને વખાના માર્યા શાક વેચવું ન પડે તેવી ગેરેંટી કોઇ પણ પક્ષ આપે તેની રાહ જોઇએ!

ભરત વૈષ્ણવ

# રાજકોટમાં ત્રણ યુવકો તળાવમાં નહાવા જતાં ડૂબ્યા, એકનું મોત

રાજકોટ જિલ્લામાં લોઠડા પાસેના ઉનાળામાં ગરમીમાંથી રાહત મેળવવા માટે ત્રણ યુવકો તળાવમાં નહાવા પડ્યાં હતાં. જેમાં ત્રણેય ૩ યુવકો ડૂબ્યા હતા, જેમાં ૨ યુવાનો પોતાનો જીવ બચાવી બહાર નીકળ્યા અને એક યુવકનું મૃત્યુ નિપજ્યું છે.ઉનાળામાં ગરમીમાં રાહત મેળવવા તળાવમાં નહાવા જતા લોકો માટે ચેતવણી રૂપ કિસ્સો સામે આવ્યો છે. લોઠડા નજીકના ગરમીમાંથી રાહત મેળવવા તળાવમાં નહાવા ગયેલા ત્રણ યુવકો ડૂબ્યા હતા. જેમાં ૨ યુવાનો સહીસલામત બહાર નીકળવામાં સફળ રહ્યા, પરંતુ અર્જુન મકવાણા નામના યુવાનનું મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ, ૧૦૮ની ટીમ અને ફાયર બ્રિગેડ ટીમ



ઘટનાસ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને બહાર કાઢવાની કાર્યવાહી હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે, ધૂળેટીના દિવસે ભરુચમાં ચાર અલગ અલગ સ્થાનો પર કુલ પાંચ યુવાનોના ડૂબવાની ઘટના સામે આવી હતી. જેમાં માત્ર એક જ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ સાથે થોડા સમય પહેલા અમદાવાદ અને વડોદરા શહેરમાંથી પણ યુવાનો કેનાલમાં ડૂબવાની ઘટના સામે આવી હતી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS NO. 215
વિષય : ''રંગોનો તહેવાર હોળી ધુળેટી"
શીર્ષક : " રંગે હોળીનો તહેવાર "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૧.

કેવો કેસુડો ફોર્યો, ફોર્યો ફાગ કેસરિયો?
કેવો આ ફોર્યો ફૂલોનો બાગ, કેસરિયો?

ઉગ્યું રંગોનું મેઘધનુષ્ય, ફળિયે ફળિયે,
કેવો લાગ્યો અંગો પર દાગ, કેસરિયો?

ઉડે તરંગોમાં, છોળો બનીને પ્રિયતમા,
કેવું હૃદય ખીલ્યું બાગ બાગ કેસરિયો?

લાગે બેમિસાલ, હર ચહેરો રંગે ગુલાલ,
કેવો આવ્યો હોળીનો તહેવાર કેસરિયો?

કેવો અંતરમાં ટહુકાર ગુંજે ફાગણીયો?
ફાગણીયો ગાયે રાગ 'શ્યામ' કેસરિયો.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO. 187
વિષય: ' રંગોનો તહેવાર ' હોળી-ધુળેટી.
શીર્ષક:રંગોત્સવ.
પ્રકાર:પધ શબ્દો :૭૬

આ રંગોનો એક દરિયો બનાઉ, એમાં મારું અંગ રમાઉ.
લાલ, પીળો ને સાથે કેસરિયો, કેસરકેરી હું સુગંધ ભરાઉ.

આનંદ, ઉષ્મા નું ઝરણ વહાઉ, એમાં મારું અંતર નચાઉ.
ગુલાબ, મોગરોને સાથે ગલગોટો, લાલ, પીળું હું ચંદન રેડાઉં.

પ્રેમ કેવો ઢગલો કરાઉ, એમાં મારા રુદિયાને ચઢાઉ.
આનંદઘન સાથે શાંતિનો સરવાળો, દાખલો મનનાં માંડવડે કરાઉ.

દોથો ભરીને ગગને ઉડાઉ, એમાં મારા હૈયાને રમાઉ.
સાત રંગોનો ચમકારો, એનું હું મેઘધનુષ્ય રચાઉ.

આ રંગોનો રંગોત્સવ મનાઉ, એમાં મારું અંતર રગડોળુ.
નૃત્ય, ભજન સાથે બેરખો, આતમને એમાં રમાઉ.

રચયિતા : ચારુલતા દોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No :168
વિષય:-હોળી ધુળેટી
શીર્ષક:- હોલિકા દહન
પ્રકાર:- ગદ્ય સંખ્યા:- ૩૧૦

હોળી ધાર્મિક ઉત્સવ છે. ભારતનાં અલગ અલગ પ્રાંતમાં અલગ અલગ રીતે હોળી અને ધુળેટી ઉજવવામાં આવે છે .હોળીનો તહેવાર ઉજવવા પાછળ પણ એક ઈતિહાસ છે.પાપનો નાશ અને સત્ય ઉપર વિજય એટલે હોળી કહેવાયું છે. હોળી ફાગણ મહિનાની પૂનમનાં દિવસે મનાવવામાં આવે છે. હિરણ્યકશિપુ નામે એક અસુર રાજા હતો. તેનો દીકરો પ્રહલાદ ભગવાનનો ભક્તો હતો. દીકરાની આ ભક્તિ પિતાને પસંદ ન હતી. પિતાએ પ્રહલાદ ને ઘણું સમજાવ્યો પણ તેને ભગવાનની ભક્તિ છોડી નહીં. આથી તેના પિતાએ પ્રહલાદ ને મારી નાખવાના ઘણાં પ્રયાસ કર્યા. પણ પ્રહલાદ મર્યો નહીં. પ્રહલાદની ફોઈ હોલિકા હતી. તે ચિતામાં બેસે તો તેને આગની અસર ન થાય. પ્રહલાદ ને મારી નાખવા એણે પ્રહલાદ ને ખોળામાં લઈને ચિતામા બેઠી. હોલિકા બળી ગઈ અને પ્રહલાદ ભગવાનનો ભક્ત હોવાથી બચી ગયો. તેની આ ખુશીમાં દર વર્ષે આ તહેવાર ઉજવવામાં આવે છે.
હોળીનાં દિવસે લોકો ઉપવાસ કરે છે. શેરીએ શેરીએ લોકો લાકડાં અને છાણ ભેગાં કરે છે. ચોકમાં હોળી તૈયાર કરવામાં આવે છે. સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો ધાણી ચણા વડે હોળીની પૂજા કરે છે. હોળીની પ્રદક્ષિણા કરીને હોળીમાંથી શ્રીફળ હોમે છે. પછી લોકો મિષ્ટાન જમે છે. આ દિવસે લોકો ખજૂર ની વહેચણી કરી ખાતાં હોય છે.જે સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક અને બળ વર્ધક હોય છે.

હોળીનાં બીજા દિવસે ધુળેટી તરીકે ઓળખાય છે. ધુળેટી આનંદોત્સવ સાથે એકબીજા ઉપર અલગ અલગ રંગ અબીલ ગુલાલ તેમજ પાણીમાં કલર નાખી પિચકારી ભરી લોકો પર નાખી આનંદ લેતાં હોય છે. અને પ્રેમથી હળી મળીને એકબીજાને તહેવાર ની શુભકામનાઓ પાઠવતાં હોય છે. ધુળેટીના દિવસે રાજસ્થાનમાં નવાં કપડાં પહેરી લોકનૃત્ય કરી ઢોલ નગારા વગાડી? આ ઉત્સવ નો સૌ આનંદ લેતાં હોય છે. આજનાં દિવસે લોકો રંગોમાં રંગાઈને એક અનેરો આનંદ મનાવતાં હોય છે. નાનાં નાનાં બાળકોથી લઈને સ્ત્રી પુરુષ યુવાન અને વૃદ્ધો પણ ધુળેટીનું તહેવાર મનાવવામાં ચૂકતા નથી. ધુળેટી એક ભાવનાત્મક રંગોત્સવ હોય સો કોઈ મનથી રંગમાં રંગાઈ ખુશ થઈને એકબીજાને ભેટી સન્માન આપતાં હોય છે.

હોલિકા દહનની સૌને હાર્દિક શુભકામના.
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO. 152
વિષય: ' રંગોનો તહેવાર ' હોળી-ધુળેટી.
શીષૅક: સખી, પછી ફાગણ આવે રે..
પ્રકાર: પદ્ય ગીત શબ્દો : ૧૨૬

વસંત આવે સાથે લાવે મઘમઘતો પમરાટ!
ડાળ ડાળ પર ઉત્સવ કેરો થાયે થનગનાટ!
કેસૂડાંને સંગ રંગનો સાગર આવે રે;
સખી, પછી ફાગણ આવે રે.

સૌના હૈયામાં જાગે નવ ઉમંગ કેરી છોળો,
ભૂલી બધી હવે પળોજણ મોજને રે ઘોળો.
પ્રીતમની યાદોની ભીની મૌસમ આવે રે.
સખી, પછી ફાગણ આવે રે.

રૂમઝૂમ નાચે બાલ વૃદ્ધ ભૂલે શરમ ને ભાન,
રંગ ઉમંગ ચડાવે સૌને એક અનોખી તાન.
મનના ખૂણે સાચવેલા સપના જાગે રે.
સખી પછી ફાગણ આવે રે..

કાનાનો રંગ શ્યામ ને રાધાનો લાલ ગુલાલ,
એકમેક ને પ્રેમે રંગવા એતો ફેંકે ફૂલ ગુલાબ.
ગોકુળ આખું ગિરધારીને જોવા આવે રે.
સખી પછી ફાગણ આવે રે..

કોઈ વિજોગણ પળપળ જોતી કોઈની રાહ,
રંગાવાની પ્રિતમના હાથે એક જ હોઈ ચાહ.
આંખના ખૂણે આંસુની ધારા આવે રે..
સખી પછી ફાગણ આવે રે..

શ્દિલીપ ધોળકિયા "શ્યામ"જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG. SS No: 194
વિષય : રંગનો તહેવાર હોળી ધુળેટી
શીર્ષક : 'ધુળેટી'
પ્રકાર : પદ્ય, શબ્દ : ૧૦૨

"રંગ, રાગ અને ફાગનો, રંગોત્સવ ઉજવાતો નામે ધુળેટી,
ગોરા ગાલે સ્પર્શતુ ગુલાલ, રંગોની રમઝટની રીત અનોખી.

ઉછળતી યુવાની મસ્તીથી ઝૂમતી, કેસુડાને રંગ સંગ મદમસ્ત ખીલતી,
આવતી કોઈકની યાદ તો..,પિચકારીની સેર,હૈયેતે ચૂભતી.

પ્રેમાળ પાત્રસંગ રંગની સંગત, કરતી અનહદ આનંદની લ્હાણી,
ભૂતકાળને ભૂલી રિસાયેલાને રંગી, છોડતા એ અહમની બાજી.

વીતેલા વર્ષોના સરવૈયામાં મળતી, રંગની માણેલી રંગતની સ્મૃતિ,
વહેતા સમયમાં નીરખીને મેળવું, રંગોત્સવની ઉજવણીની પૂર્ણતમ ખુશી.

રસિયા સાંભળી ફાગ ખેલતા,આનંદથી રસિક ......શ્રીહરિ,
પ્રભુસંગ રમવાનો લાહવો મળે, ઈચ્છતા એવું ભક્તોને સત્સંગી.

મનભેર રમવાની પ્રભુસંગ ઈચ્છા, આ રંગીલા પર્વ ધુળેટીની,
તાકાત મારી ભક્તિની શક્તિમાં, કે.. આસ ખ્યાતિની બને માધવની."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOGSS NO: 345
વિષય: રંગોનો તહેવાર હોળી-ધુળેટી
શીર્ષક: કેસુડાની સંગ રાધા-શ્યામ
પ્રકાર : પદ્ય - શબ્દો:૧૧૯

આવ્યો ફાગણીયો મલપતો રે,
ખીલ્યો કેસુડો મઘમઘતો.
રાધા રંગે રમે શ્યામ સંગે રે,
તારા પ્રેમમાં તું ભીંજવતો.
રાધા શ્યામના પ્રેમમાં બાવરી રે,
કેસુડો રંગ છાંટવો મનગમતો.
આંખે આસુંડાની ધારા રે,
કાજલ આંજ્યું કાળું, અષાઢી મેઘ ગર્જતો.
હોળી - ધુળેટીના ફાગ રમવા રે,
જાણે, માધવ આવ્યો મલકતો.
હું લજામણી જેવી શરમાય રે,
હોંશિલો લાડીલો વાલમ મૂછ મરડતો.
મારું મનહૃદય કમળ જેવું ખીલ્યું રે,
મારા ઝાંઝરનો નાદ મીઠો રણકતો.
મારી ચૂડી અને ટીલડી વાદમાં રે,
વાલમ દાઢીમાં ઘણો શોભતો.
હું હરખે ઉતાવળી હાલી રે,
શ્યામ મધુવનમાં ખોવાતો.
મેં તો ઝાંઝવાના જળ દીઠા રે,
કસ્તુરી મૃગનો જીવ જાતો.
આવ્યો ફાગણીયો મલપતો રે.

હંસા ઝાલા"લાગણી" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No.343
વિષય:- રંગોનો તહેવાર હોળી ધૂળેટી.
શીર્ષક:-હોળીની મનોજાગૃતિને સંસ્કૃતિ
પ્રકાર: - પધ શબ્દો :-૧૦૦

હોળી ધૂળેટી તહેવાર રંગ બેરંગી રંગોથી રંગાઈ વિવિધતામાં એકતાનાં સંદેશની આપે જાગૃતિ,
રંગોમાં રંગાઈ કાચા રંગો ધોવાઈને વહી જાય પાણીમાં અને પાકા રંગો બની હદયમાં બને સદાય યાદગાર સ્મૃતિ,
ફાગણમાં કેસુડાનાં ફૂલોથી બને કેસરિયા રંગોથી રંગાઈ દીપે સુંદર સૌમ્યને સુગંધી હરિયાળી પ્રકૃતિ,
રંગજો એવા રંગોથી તન મન ધનને કરે નહીં હાની જો રંગો બન્યા હોય જે પ્રાકૃતિક કુદરતી,
કેમિકલ કુત્રિમ રંગે રમી રંગાશો કે રંગશો નહીં રાખશો સાવચેતી
આભાર - નિહારીકા રવિયા સાવધાનીને મનોજાગૃતિ,
હિરણકશ્યુપનાં કુકર્મથી હોળીકા બળી ખાખ થાય હરિભક્ત પ્રહલાદ બચી જે ધર્મ કર્મની છે અનોખી સંસ્કૃતિ.,
' ચંદ્ર ' નાં ઉજ્જવળ જેવી હરિ ભક્તિથી આસુરી શક્તિનાં નાશની હોળીની કથાની છે સ્મરણીય આકૃતિ.
' ચંદ્ર ' ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No:–335
વિષય:–રંગો નો તહેવાર હોળી ધુળેટી
શીર્ષક:–તન મન એક રંગ
પ્રકાર:– પદ્ય શબ્દો:–૭૪

રમ્યાં મનનાં રંગે અમે પ્રીત કેરી હોળી,
રંગાઈશું ભવોભવ અમે આ રીતની હોળી.

દલડાં ભીંજવ્યા વાલમે ભરી પિચકારી પ્રેમની,
રહીને દૂર રમ્યાં અમે આજ પ્રીત કેરી હોળી.

રંગ ગુલાબી પ્રિય મારો પ્રીતમે પહોંચાડ્યો પ્રેમથી,
રમી હતી એની યાદોમાં, હું અતિ પ્રીત કેરી હોળી.

ફોરમ એનાં તનની અહીં આવે જોને કેસુડા મહીં,
લાગ્યું હૈયું મારું મહેંકવા, જ્યાં આવી પ્રીત કેરી હોળી.

'ધરતી' પર પથરાઈ આજે સપ્તરંગોની ચાદર,
ધુળેટી પર્વ મનાવવા રમજો તમે પ્રીત કેરી હોળી.

??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No : 0092
વિષય - રંગોનો તહેવાર ્હોળી ધૂળેટી
શિર્ષક - રંગોનો પ્રભાવ
પ્રકાર - પદ્ય. શબ્દો- ૧૧૮

જીવનની ચાદર મારી,
રંગોથી રંગાણી.
જાત - જાતના રંગો રૂપાળા,
એની અસરોએ વિવિધતા આણી.

પહેલો રંગ રાતો આવ્યો,
ખુશી ને સૌભાગ્યનો રંગ છે એ.
જન્મથી જ સાથે રહ્યો,
સદભાગ્ય ગણાયું મારું એ.

બીજો રંગ લીલો આવ્યો,
પ્રકૃત્તિની નજીક છે એ.
શીતળતા ને સમૃદ્ધિ આપે,
વિકાસની મંઝિલે પહોંચાડે છે જે.

ત્રીજો રંગ પીળો આવ્યો,
ભક્તિ અને સુખનો રંગ છે એ.
જીવનમાં પૂર્ણતા આણી,
સમજાવ્યું ઈશ્વરનું સામીપ્ય છે જે.

ચોથો રંગ વાદળી આવ્યો,
મેઘમાં વ્યાપે છે જે.
કૃષ્ણના વર્ણમાં વ્યાપ્યો,
લાવે ધન, સમૃધ્ધિ જે.

પાંચમો રંગ શ્વેત આવ્યો,
વૈરાગ્ય ને નિર્મળતાનું પ્રતિક જે.
શાંતિ ને સંતોષમાં છલકાયો,
સહુથી મોટું જીવનધન જે.

અલકા નવિનચંદ્ર મહેતા

# ભારતના હિંદુ સમાજની આંખમાં ધુળ નાખીને રાજ કરતી ભાજપાની અસલિયત હિન્દુઓ ઓળખે

કોંગ્રેસ બિનસાંપ્રદાયિકના ઓઠા નીચે રાજનીતિ કરે છે એવો ૫ દાયકાથી આરોપ લગાવનારી સત્તાભૂખી ભાજપાએ જ મુસ્લિમોનું તુષ્ટિકરણનો ઉત્તમ દાખલો આપ્યોપ
દેશમા મુસ્લિમ તુષ્ટીકરણના શહેનશાહ નરેન્દ્ર મોદીપ
કપડાંથી ઓળખજો એવી વિકૃત માનસિકતામાથી મુસ્લિમો ઉપર ઝેર ઓકતા ભાષણો કરીને હિન્દુઓના વિશાળ વર્ગ સામે હિન્દુ સમ્રાટ દેખાવું અને બીજી કાંખમાં બંધ બારણે મુસ્લિમોની કદમબોચી કરવામાં આવે છે. એનાથી જ હાલમાં પૂર્ણ થયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ૧૦૦ કરતા વધુ મુસ્લિમ ઉમેદવારો ભાજપમાંથી ચૂંટણી જીત્યાપતેમાં ૨૦ તો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.
સત્તા મેળવા ધર્મના નામે દેશને સૌથી વધુ છેતરવાનું કામ કાયમી ધોરણે કોઈ કરતું હોઈ તો તેનું નામ છે ઈજીજી અને મ્ન્ઁ અને તેના સમર્થક પક્ષો છે તે દેશ બરાબર ઓળખેપ
? કોંગ્રેસ સત્તામા આવશે તો તમારુ મંગલસુત્ર છીનવી લેશે,
? તમારી બે ભેંસમાથી એક ભેસ અને ૧૦ એકરમાથી પાંચ એકર જમીન છીનવીને વધુ છોકરાઓ છે તેને વહેચી દેશેપ..આવી ભ્રમણાઓ ફેલાવીને લોકસભામાં મત માગ્યા પરંતુ જનતાએ ભાજપાને પુર્ણબહુમતથી દુર રાખીને કપટી ભાજપા શહેનશાહને પાઠ ભણાવ્યા છે.બીજી બાજુ મુસ્લિમોના મસિહાના પગ પાસે બેસીને સમર્થન માંગી રહ્યા છે.
ઉદાહરણ :
આધ્રપ્રદેશની વિધાનસભા ચુંટણી ૨૦૨૪ મા ભાજપના સમર્થક પક્ષ_ઙૅ ના વડા ચંદ્રબાબુ નાયડુના ચુંટણી વાયદોઓપ.
૧. ૫૦ વર્ષ ઉપરના દરેક મુસ્લિમને પેન્શન આપવામા આવશે
૨. ઈદગાહ અને કબ્રસ્તાન માટે દરેક શહેરમા જમીન આપવામા આવશે.
૩. રાજ્યની રાજધાનીમા શાનદાર હજ હાઉસ બનાવવામા આવશે.
૪. નૂર ભાષા કોર્પોરેશનની રચના કરવામા આવશે તેનુ વાર્ષિક બજેટ ૧૦૦ કરોડ રુપિયા રહેશે.
૫. મુસ્લિમ ફાયનાન્સ કમિશન તરફથી ૫ લાખ વિના વ્યાજે મુસ્લિમોને લોન આપવામા આવશે.
૬. દરેક મસ્જિદના ઈમામોને ૧૦,૦૦૦ રુપિયાનુ મહિને વેતન આપવામા આવશે.
૭. વિદ્વાન ઈમામોને સરકારી કાજી તરીકે નિયુકતિ આપવામા આવશે.
૮. દરેક મસ્જિદને ૧ લાખ રુપિયાની સહાયતા આપવામા આવશે અને ૫૦૦૦ રુપિયા દર મહિને નિભાવ ૫.ખર્ચ પેટે માટે આપવામા આવશે.
૯. ૪ % મુસ્લિમોને અનામત આપવામા આવશે.
૧૦. મક્કા હજ યાત્રા પર જનારને ૧ લાખ રુપિયાની હજ સહાયતા આપવામા આવશે.
પપકોણ છે આની પાછળ છે ? કોના સમર્થનથી દેશની મોદી સરકારની ખુરશી સુરક્ષિત છે ?
૫..આમ હિન્દુ સમ્રાટના ખોળીયા ઓઢીને હિન્દુ સમાજને છેતરતા ભાજપા નેતાઓના ચહેરા ખુલ્લા ૫..પડ્યા છે.
કોંગ્રેસ પક્ષ માટે પણ આ એક રાજકીય પડકાર છેપપરંતુ દેશને બરબાદ થતો રોકવા સત્તા ભૂખી સંઘ-ભાજપાની ચાલ-નાટક-ઢોંગ-પાખંડ અને જૂઠાણાના કારસ્તાનોને નશ્યત કરવા પડશે.

## ડાકોર ફાગણ મહોત્સવ નિમિત્તે જિલ્લા કલેકટરશ્રી

# અમિત પ્રકાશ યાદવે ખેડા જિલ્લાના નાગરિકોના જનકલ્યાણ માટે રણછોડરાયજીને કરી પ્રાર્થના

જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવ અને અમદાવાદ રેન્જ આઈજી શ્રી વિધિ ચૌધરીએ ડાકોર ફાગણી પૂનમ મહોત્સવ ૨૦૨૫ નિમિત્તે ડાકોર મંદિરમાં સવારે ૦૪:૦૦ કલાકે મંગળા આરતી માં સહભાગી થઈ પૂજા અર્ચના કરી હતી અને સમગ્ર ખેડા વાસીઓનાં કલ્યાણ માટે મંગલ કામના કરી હતી. આ પ્રસંગે વર્ષો જૂની પરંપરા અનુસાર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જન કલ્યાણ માટે ધજારોહણ કર્યું હતું

કલેકટરશ્રીએ સમગ્ર વિશ્વના કૃષ્ણ ભક્તોને ફાગણી પૂનમ ઉત્સવની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે ખેડા જિલ્લામાં ડાકોર ખાતે રણછોડ રાયજીનું મંદિર હોવું એ સૌભાગ્યની વાત છે. ફાગણ ઉત્સવ દરમિયાન જિલ્લા વહિવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલ તકેદારીભરી કામગીરીને તેમણે બિરદાવી હતી. તેમણે ઉમેર્યુ હતું કે ફાગણી પૂનમ ઉત્સવમાં ડાકોર મુકામે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ અને પદયાત્રીઓ આવ્યા હતા. જેમની સુરક્ષિત યાત્રા સુનિશ્ચિત કરવા બદલ પોલીસ વિભાગની કામગીરી



તેમણે બિરદાવી હતી.

આ પ્રસંગે અમદાવાદ રેન્જ આઈજી શ્રી વિધિ ચૌધરીએ પણ જન સુખાય અને સર્વેના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

આ અવસરે અમદાવાદ રેન્જ આઈજી શ્રી વિધિ ચૌધરી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, ડાકોર મંદિરના મેનેજર શ્રી જગદીશ દવે, વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત મંદિરના સેવકો તથા ભાવિક ભક્તો ઉપસ?થિત રહ્યા હતા.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

GUVNL



## પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના

અંતર્ગત

# મોડલ સોલાર વિલેજ સ્પર્ધા

## સ્પર્ધાનો સમયગાળો

## ૧ એપ્રિલ ૨૦૨૫ થી 30 સપ્ટેમ્બર ૨૦૨૫

- **યોગ્યતા :** રેવન્યુ ગામ કે જેની વસતી **૫૦૦૦ થી વધુ** હોય (છેલ્લી વસ્તી ગણતરી મુજબ) તે તમામ આ સ્પર્ધામાં ભાગ લેવાની યોગ્યતા ધરાવે છે.
- ભારત સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોત મંત્રાલય (MNRE)ની મોડલ સોલાર વિલેજની ગાઈડલાઈન મુજબ રેવન્યુ ગામની હદમાં સ્થાપિત સોલાર રૂફટોપ, PM KUSUM યોજના અંતર્ગત સ્થાપિત ગ્રાઉન્ડ માઉન્ટેડ સ્મોલ સ્કેલ RE પ્લાન્ટ અથવા એક જ સ્થળે સ્થાપિત 10MWથી ઓછી ક્ષમતાના RE પ્લાન્ટ આ તમામ દ્વારા સ્થાપિત વિતરિત પુનઃપ્રાપ્ય ઊર્જા (Distributed RE)ની સૌથી વધુ ક્ષમતા સ્થાપિત કરનાર ગામને મોડલ સોલાર વિલેજ તરીકે જાહેર કરવામાં આવશે.
- સંબંધિત ગામના નિયત સત્તાધિકારીએ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સમિતિને અરજી કરવાની રહેશે.
- MNRE, ભારત સરકાર તરફથી **જિલ્લા દીઠ એક** મોડલ સોલાર વિલેજને સેન્ટ્રલ ફાઇનાન્સ આસિસ્ટન્સ (CFA) તરીકે **₹ ૧ કરોડ**ની રકમ મળવાપાત્ર રહેશે.

**યોજના ની વધુ વિગત માટે www.guvnl.com વિઝીટ કરો**

ફક્ત 1 વર્ષના ટૂંકાગાળામાં

**2.75+ લાખ** થી

વધુ લોકો દ્વારા

**1000 મેગાવોટથી વધુની**

સોલાર સિસ્ટમનું સ્થાપન

રહેણાંક ક્ષેત્ર માટે નાણાંકીય સહાય

**₹ 78,000*** સુધીની મર્યાદામાં

૧ KW → ₹ 30,000

૨ KW → ₹ 60,000

3 KW કે તેથી વધુ → ₹ 78,000

જો તમે પણ તમારી છત પર રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવા ઈચ્છુક હોવ તો આજે જ

**https://pmsuryaghar.gov.in** વિઝીટ કરો

માન. વડાપ્રધાનશ્રીના
માર્ગદર્શન અને
માન. મુખ્યમંત્રીશ્રીના
નેતૃત્વ હેઠળ ગુજરાતના ગામો હવે
**મોડલ સોલાર વિલેજ**
બની દેશના અનેક ગામો માટે બનશે
**રોલ મોડલ**

**શ્રી કનુભાઈ દેસાઈ**
માન. મંત્રી - નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ
ગુજરાત સરકાર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.